મંગળા.

યાને

કામાતુર થયેલો સુરતનો વણિ.

(કન્યા વીક્રયની કલ્પીત કહાણી.)

ભાગ ૨ જો.

રચનાર.

નાનાલાલ ચુનીલાલ દુધવાળા. સુરત.

છપાવનાર.

માસ્તર ત્રીભોવનદાસ લલુભાઇ બુકસેલર—સુરત

તથા

નાથુભાઇ પરભુદાસ—સુરત મોટી વડીઆળ પાસે.

કીંમત ૨ આના.

મંગળા.

યાને

કામાતુર થયેલો સુરતનો વનિ.

(કન્યા વીક્રયની કલ્પીત કહાણી.)

ભાગ ૨ જો.

રચનાર.

નાનાલાલ ચુનીલાલ દુધવાળા.

છપાવનાર.

માસ્તર ત્રીભોવનદાસ લલુભાઇ બુકસેલર-સુરત

તથા

નાથુભાઇ પરભુદાસ-સુરત મોટી ઘડીઆળ પાસે.

કીંમત ૨ આના.


અમદાવાદમાં,

ત્રણ દરવાજા પાસે ચુડીઓળમાં આવેલા ધી રત્નસાગર
પ્રીન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તિ ૧ લી.   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯   સને ૧૯૧૩

ફુરસદે વાંચશો તો અમુલ્ય થઇ પડશે.



૩૦ વરસની જુની જાણીતી અને જગપ્રસિદ્ધ

ચસ્માની દુકાન.

મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો અમારી દુકાને હલકા તેમજ ભારી જાતજાતના ચસ્માઓ જેવાકે શોર્ટ સાઇટ તથા લૉંગ સાઇટ, (દુર અને નજીક)ના ખરા પત્થર (પેબલ)ના ક્રીસ્ટલ ગ્લાસના, ક્રાઉન ગ્લાસના, મોતીયાના તથા આંખને ઠંડક આપનારા રંગીન કાચના એ શિવાય હરેક જાતના ફ્રેમો જેવાકે જરમન સીલવરની રોલગોલ્ડની; પીંચગોલ્ડની પીતળની એ- [illegible]ની કચકરાની ઇલેક્ટ્રો પ્લેટેડની તથા ઇંગ્લીશ જોઇન્ટ, અમેરીકન જોઇન્ટ તથા

આ ઇગ્લાશ પીન્ચ નેઝની હરેક જાતની ફ્રેમો અમો કીફાયત ભાવે વેચીએ છીએ તેમજ હમારી દુકાને ઘડીઆળો, ફોનોગ્રાફો, ગ્રાઇમ્સ, કલાઇમસ વિગેરે વિલાયતી ચુલાઓ, ઇન્ડીપેન્ડન્ટ પેનો, કીટસન લાઇટો વિગેરે દુરસ્ત કરી આપવામાં આવશે.

ચેતવણી.

તમારા જુના ચસ્માનો નંબર અથવા તમારા જુના ચસ્મા અથવા ડાકટર પાસે આંખને એકઝામીન કરાવી નંબર મોકલી આપવાથી તમને ઘેર બેઠાં શોભીનો સારો ઠંડક આપનાર ચસ્મા વિ. પી. થી મોકલી આપવામાં આવશે. હમારી કોઇ બ્રાંચ નથી. તેમ હમારા તરફથી ફેરીઆઓ ફરતા નથી માટે ઠગાતા પહેલાં હમારી દુકાનની મુલાકાત લેવા મહેરબાની કરશો.

મંગળા.

યાને

કામાતુર થયેલો સુરતનો વણી.

ભાગ ૨ જો.

પ્રકરણ ૧ લું.

આશાનું એક કીરણ.

સમય બપોરના ત્રીજા પહોરનો હતો, સૂર્ય દેવતા દુષ્ટોને દંડ દેવાને પોતાની સોળે કળાથી તપી અગ્ની વરસાવી રહ્યા હતા, ઉષ્ણ પવન પ્રજાજનોને અતિ દુઃખીત કરી રહ્યો હતો, તે વખતે સુરતમાં તાપી નદીને કીનારે આવેલા પોલીસ સ્ટેશનમાં (કુરજામાં) એક માણસ ખુરસીપર બેઠા બેઠા કાંઈ લખતો હતો તેવામાં એકાએક તારની ઘંટડીનો અવાજ થયો તે સાંભળીને તે માણસ તારની પેટી આગળ જઈ અંદરથી સવાલ પુછ્યો કોણ છો ? અંદરથી જ જવાબ મળ્યો. સીટી કલેકટર સ૦ ઓફીસમાં કોણ છે ? જ-તેહસીંગ રામસીંગ ડીટેકટીવ, સ—અત્યારે ને અત્યારે અમદાવાદ તરફ જતી ટ્રેનમાં જાવ અને ગોરધનદાસ સામળદાસની પુત્રવધુ મંગળાગવરી અત્રેથી ગુમ થએલી છે તેની તપાસ કરો—(જ) જેવો સાહેબનો હુકમ. * * *

મંગળાગવરી રસોડખાનાની પાછળથી ગુમ થવા બાદ તરતજ ગોરધનદાસે તપાસ ચલાવી અને સુર્યપુરના કલેકટર સાથે પોતાને

મિત્રતા હોવાથી તેઓ પણ લગ્ન મંડપમાં પધાર્યા હતા તેઓને જાહેર કર્યું. કલેક્ટર સાહેબે લગ્ન મંડપમાંથી પોતાને બંગલે જતા રસ્તામાં પોલીસ સ્ટેશન આવતા દરેક પોલીસગેટ ઉપર તાર કરી તપાસ કરવા ફરમાવ્યું પરંતુ કાંઈ પતો લાગ્યો નહીં બીજે દીવસ તપાસ કરવામાં કાઢયો પરંતુ કાંઇ પતો લાગ્યો નહીં તે દીવસે ગોરધનદાસને ત્યાં લગ્ન પ્રસંગે પધારેલા પરોણાઓ પણ પોત પોતાને ઘેર જવા લાગ્યા અમદાવાદના મીલ મેનેજર સાથે મનહરરાયને મીત્રતા હોવાથી તેઓ પણ તે પ્રસંગે પધાર્યા હતા, તેઓ પાછા અમદાવાદ જવા નીકળ્યા મનહરરાય તેમને સ્ટેશન ઉપર મુકવા ગયા અને ટીકીટ તથા પાસ લઇ પ્લેટફોર્મ ઉપર ટ્રેનની રાહ જોતા લટાર મારવા લાગ્યા એવામાં એક પારસી કે જે રેલ્વે ઓફીસમાં કલાર્કનું કામ કરતો હતો તેણે મનહરરાય સાથે સેકહેન્ડ કરી પુછ્યું કેમ મીસ્ટર મનહરરાય! કાલે તો તમારા લગ્ન હતાને? (મનહરરાય નીરાશ થઇને) હાજી લગ્નતો હતા. પરંતુ કીસમતમાં બનવા સંજોગ હોય તે કાંઇ બન્યા વગર રહે છે. કલાર્ક:-કેમ? ઉદાસી ભર્યો જવાબ કેમ આપો છો? શું કાંઇ અડચણ આવી પડી કે કન્યાના માબાપે ના કહી? મનહરરાય-નાજી એવુંતો કાંઇ બન્યું નથી પરંતુ જેની સાથે મારા લગ્ન થવાના હતા તેને કોઇ લુચ્ચાઓ બેભાન કરી ઉ-પાડી ગયા અને તપાસ કરતા હજુ કાંઇ પતો લાગ્યો નથી.

કલાર્ક—મીસ્ટર મનહરરાય એ બાઇ તો તે દિવસે રાત્રે તમારી સાથે હતી તેજને?

મનહરરાય—હાજી.

કલાર્ક—હું શું જાણું નહિ તો અટકાવતે.

મનહરરાય—(આશ્ચર્ય ચકીત થઇને) કેમ તમે તેને જોઇ હતી.!

કલાર્ક—હા ગઇ રાત્રે કોઇ એક પુરૂષ અને એક સ્ત્રી સાથે તે લોકો અમદાવાદની ટીકીટ લઇ રવાના થયા.

મનહરરાય—શું ખચીત ! તમોએ તેને જોઇ હતી. !)

કલાર્ક—હા હું ખાત્રીથી કહું છું કે એજ હતી,

આટલી વાતચીત થઇ એટલામાં ધમધમાટ કરતી ટ્રેન આવી પહોંચી અને મીલ મેનેજર ચઢી બેઠા મનહરરાયે તેને અમદાવાદમાં તપાસ કરવાની ભલામણ કરી કહ્યું કે જો તમોને કાંઇ પત્તો લાગે તો તુરત અરજંટ તાર કરજો આટલું કહી મનહરરાય સલામ કરી પોતાને ઘેર ગયા અને ટ્રેન પણ ચાલુ થઇ મનહરરાયે ઘેર જઇ પોતાના પિતાજીને કલાર્ક સાથે થએલી વાતચીત તેવાજ રૂપમાં કહી સંભળાવી ગોરધનદાસે સર્વ હકીકત સાંભળી અને અમદાવાદમાં પોલીસ મારફતે તપાસ કરાવવાનો વિચાર કરી કલેકટર સાહેબને મળવા જવાનો વિચાર કીધો પરંતુ નિશાદેવીના આગમનની તૈયારી હોવાથી તે વિચાર બીજા દીવસ ઉપર મુલતવી રાખ્યો. બીજે દીવસે પ્રાતઃકાળે ઉઠી નિત્ય કર્મથી પરવારી ભોજન કીધું અને અગીઆર સાડા અગીઆરનો ટાઇમ થતાં કલેકટર સાહેબની ઓફીસમાં જઇ સર્વ હકીકત નીવેદન કરી. કલેકટર સાહેબે સર્વ હકીકત સવીસ્તાર સાંભળી તુરતજ પોલીસ સ્ટેશનમાં તારથી હુકમ આપ્યો.

પ્રકરણ ૨ જું.

મનહર યોગી.

રાત્રીના આઠેક વાગ્યાના સુમારે સુર્યપુરમાં આવેલા ચોક બજારમાં વહેપારી વર્ગ પોતપોતાની દુકાનો વધાવી ઘેર જવાની તૈયારી કરી રહ્યાં હતા તે વખતે મુંબાઇવાળા શા૦ છગનલાલ વાલજીભાઇની હોટલમાં કેટલાક માણુસો બેઠા છે. કોઇ ચાહ, પીએ છે અને કોઇ ગામ ગપાટા મારે છે. એવામાં એક યુવક નિરાસ ચ્હેરે

હોટેલમાં ચઢયો અંદર જઇ તે યુવકે ચાહ પીધી. અને કેટલોક વખત વિચારમાં બેસી રહ્યો. સુમારે અર્ધો કલાક વિચારમાં બેસી રહ્યા બાદ કાંઇ યાદ આવવાથી ઉઠયો. અને પૈસા આપી આગળ ચાલ્યો પરંતુ વિચારમાંને વિચારમાં તે એટલો તો ગરકાવ થઇ ગયો કે, તે કયાં ચાલે છે તેનું પણ તેને ભાન રહ્યું નહિ કેટલોક વખત આમને આમ ચાલ્યા પછી જાણે કાંઇ યાદ આવ્યું હોય તેમ અટ કીને ઉભો રહ્યો અને ખીસામાંથી એક કાગળ કાઢયો તે વખતે તેને ભાન આવ્યું અને જુવે છે તો પોતે બરાનપુરી ભાગોળે કે જ્યાં મ્યુનીસીપાલીટી તરફથી કીટશનની બત્તી મુકેલી છે, ત્યાં આગળ ઉભેલો માલમ પડયું તે યુવકે બત્તીને અજવાળે કાગળ ઉપર કાંઇક લખવા માંડયું. કાગળ લખી રહ્યા બાદ પાછો વિચારમાં ગરકાવ થઇ આગળ ચાલ્યો તે સીધો સ્ટેશન ઉપર ગયો. ત્યાં જઇ પોર્ટરને પુછયું કે, મુંબઇથી અમદાવાદ જતી ટ્રેનને આવતા કેટલી વાર છે? પોર્ટરે જવાબ આપ્યો કે સુમારે કલાકેક થશે. પેલા યુવકે લખેલો કાગળ ટપાલમાં નાંખ્યો, અને આમ તેમ આંટા મારવા લાગ્યો, આશરે પોણો કલાક આંટા મારયા પછી ટીકીટ થતી જોઇ, એટલે પોતે પણ ટીકીટ ઓફીસ આગળ જઇ ભરૂચની ટીકીટ લઇ પ્લેટ ફોર્મ ઉપર ગયો અને ઉદાસીન ચેહેરે એક બાંક ઉપરે બેઠો, કેટલોએક વખત બેઠા પછી ગાડી આવી અને તે ગાડીમાં ચઢી બેઠો. ટ્રેનમાં બેઠા પછી પવનના ઝપાટાને લીધે અને નીંદ્રા દેવીની કાંઇક મહેરબાનીને લીધે મીઠી નીંદ્રામાં પડયો. આશરે બે કલાક ઉંઘ કાઢી એટલામાં ગાડીના અટકવાના આચકાથી તે યુવક જાગી ઉઠયો અને જોયું તો ટ્રેન ભરૂચને સ્ટેશને ઉભેલી માલમ પડી તરતજ તે યુવક ટ્રેનમાંથી ઉતરી પડયો અને ટીકીટ કલેકટરને ટીકીટ આપી બહાર જઇ એક ઠેકાણે ઉભો રહી વિચાર કરવા લાગ્યો કે :—

અહો ! મંગળા શું તારો અવિચ્છીન પ્રેમ કે જે પ્રેમને લીધે હું પોતાના મા બાપને પણ ખબર આપ્યાં વિના નીકળી આવ્યો. અહો ! પ્રેમ, પ્રેમ, તારી ખુબી કાંઇ ન્યારીજ છે. તેં કંઇકને પ્રેમાન્ધ કરી રઝળતા બનાવી દીધા છે. અને કંઇકને ગાંડાં બનાવી દીધા છે. તારી ખુબી કાંઇ ઓરજ છે.

કેટલોક વખત આમ વિચાર કરી તે યુવક પાછો પ્લેટફાર્મ ઉપર ગયો અને જુવે છે તો ટ્રેનનો વખત ન હોવાથી કેટલાક પોર્ટરો બાંક ઉપર સુતેલા માલમ પડયા. પોતે પણ કોઇક બાંક ખાલી શોધી કાઢી રાત્રી ત્યાંજ વ્યતીત કરવાનો નીશ્ચય કરી એક બાંક ઉપર લંબાવ્યું પરંતુ તે વખતે નીંદ્રા દેવી તેના પર ગુસ્સે હોવાથી ઉંઘ આવી નહીં કેટલીક વખત ટ્રેન આવતી ત્યારે બેઠો થતો અને પાછી જતી ત્યારે સુઇ જતો. આવા સ્થીતિમાં રાત્રી પસાર કરી, સવારે આરેક વાગ્યાને અમલે ત્યાંથી શહેર તરફ ચાલતો થયો. શહેરમાં જઇ એક હોટેલમાં ચાહ પીધી અને આમ તેમ ફરવા માંડયું કેટલોક વખત ફર્યા પછી બજાર ખુલ્યું. તે યુવકે એક કાપડીઆની દુકાને જઇ થોડોએક નાનકલાક લીધો અને ત્યાંથી પીરકાંઠીના લતામાં આવેલી એક દરજીની દુકાને જઇ કફની સીવડાવી, અને રેવાજીને કીનારે જઇ સ્નાન કરી પોતાના કપડાં એક ગરીબ બ્રાહ્મણને આપી પોતે કફની ધારણ કરી ત્યાંથી આગળ ચાલ્યો, થોડેક ગયા પછી કેટલીક વારે કાંઇક વિચાર આવતા પાછો ફર્યો અને નદી કીનારે આવી ઉભો.

પ્રીય વાંચનાર ! કુદરતનો બહાર સૃષ્ટીની સુંદરતા, પુષ્પનો પરાગ, મધની મીઠાશ અને પ્રેમની મજા પવિત્ર પ્રેમી જનોજ ભોગવી જાણે છે.

અહો ! પ્રેમ, પ્રેમ, તારો અજબ રંગ છે. નદીના પ્રવાહને અમે ભલે વાંકી ચુકી નહેર કરી ખેંચી જાઓ, પરંતુ અંતે સરીતા

સાગરને મળે છે તે શાને માટે? એક પ્રેમને માટે. કમળ ગમે તે જળાશયમાં હજારો ગાઉને અંતરે હશે તો પણ મધુકર તેને શોધી કહાડી પંકજ પરાગ પ્રાપ્ત કરે છે તે શેને ખાતર? એક પ્રેમને.

પ્રકરણ ૩ જું.

પીતાપર પત્ર

સુર્ય દેવતા બાલ્યાવસ્થામાં પ્રકાશી રહ્યા હતા બ્રાહ્મણો નીત્ય કર્મ કરી અર્ઘ આપી રહ્યા હતા, તે વખતે સુર્યપુરમાં આવેલા નાણાવટનાં લત્તામાં એક વૃદ્ધ પુરૂષ ઓટલે બેસી દંતધાવન કરતા હતા. તેવામાં એક પોસ્ટમેને આવી એક પત્ર તેમના હાથમાં આપ્યો.

ગઇ રાત્રે મનહરરાય ઘેર નહીં આવ્યાથી સર્વત્ર ઉદાસી ફે-લાઇ રહી હતી, અને તેવામાં આવેલા પત્ર ઉપર મનહરરાયના હસ્તાક્ષર જોઇ એકદમ આતુરતાથી કવર ફોડી વાંચવા લાગ્યા તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:—

શ્રીરછત્ર તીર્થરૂપ પીતાજી

શા. ગોરધનદાસ સામળદાસ.

(કવાલી)

પીતા મારા પ્રણામો આ, સ્વીકારો સુતના છેલ્લા.
હવે હું નહી તમારો કે, તમે મારા નથી માનો.
હતો હું જગતનો જ્યારે, જગત મારૂં હતું ત્યારે.
હવે તો મેં ફુલાવ્યું લઇ, ખરેખર હાથ આ ખંજર.
શર ધરી શોકની કરની, સરીત વેલી ગુફાઓમાં.
જીવું—ઝુરૂ—મરૂં—મારી, મનોહર મોહીની માટે.
અરેરે પ્રેમના પડદા, અરેરે જ્ઞાનની નૌકા.
મદન મદ મંગલા ટળતા, નિરાશા આ રહી મારે.

પજે તો કેમ પાળવા હક', ચડયું કર કેમ હગવા હઉં
નહી સત સ્નેહ સરવા હઉં, વનીતા નહી વીસરવા હઉં
ધર્યો તો જન્મ એ માટે, હતો આ પ્રાણ એ સાટે.
ફરજ બસ એજમેં માની, જીવનની આ જરૂર છેલ્લી.
પતંગો દીવડે બળતાં, અમીથી ઉંચ્ચ રસ માને
પ્રીયા ગઇ તો પછી પ્યારી, જગત જંજાળ કયમ લાગે.
ફળ્યે આશા ફરીશ પાછો, નહી તો આજ આખરની
સલામી સ્નેહી કુદરતને, અને પ્યારા મીતા તમને.

લી૦ મનહર યોગી.

ઉપર પ્રમાણે પત્ર વાંચીને ગોરધનદાસ એક દીર્ઘ નીશ્વાસ નાંખી બે ભાન થઇ ગયા. પત્ર પત્રને ઠેકાણે રહ્યો, ને ડાકટરોની ધમાલ શરૂ થઇ.

પ્રીય પાઠક તે દીવસે બીજો કાંઈ જાણવા જોગ બનાવ ન બનવાથી આપણે અહીંયા રહેવું ગેરવ્યાજબી ગણાય. કારણ કે, મનહરદાસને યોગી વેશે બગુપુરમાં રખડતો મુકી આપણે અહીં આવ્યા છીએ, માટે ચાલો તેની સાથે મળી જઇ આગળ પ્રયાસ શરૂ કરીએ.

પ્રકરણ ૪ થું,

પ્રેમ ઘેલો પંથી.

(સવૈયા)

જાદુઇ જાળ ઇશ્કની જબરી, માન મરદાઇ મુકાવે છે.
અમૃતને અળગું ઠેલાવી, ઝેરની માંહી ઝુકાવે છે.
કાળજડામાં ભોકી કટારી, ભવનું ભાન ભુલાવે છે.
છતી આંખપર પડદા પાડી, અંધારે અથડાવે છે.

મધ્યાન કાળ હોવાથી તાપ સખત પડતો હતો, છતાં પણ નદી કીનારે આવતી પાણીની છોળોથી, પવન મંદમંદ વાતો હોવા-

થી, મુસાફરોને ગરમી ખમવી પડતી નહોતી તે વખતે એક યુવક નર્મદા (રેવાજીને) કીનારે ઉભો ઉભો કાંઇ વિચાર કરતો હતો એકાએક તે યુવકે પોતે પહેરેલી કફની કહાડી નદીમાં ઝંપલાવવા માંડયું પરંતુ તેવામાં કાંઇ નવીન વીચાર આવતાં તે યુવક અટકીને ઉભો રહ્યો. આ વખતે નદીનો દેખાવ અતી ભયંકર હોવા છતાં પણ આ યુવકને એવું કશું લાગતું નહોતું અત્યારે કોઇ પણ પશુ-પંખી તે યુવકની નજર આગળ નહોવાથી તે યુવકે પોતાના મનના ઉદગારો કહાઢવા માંડયા.

શું હું આ નદીમાં ઝપલાવું ? પણ જો હું તેમ કરીશ તો મ્હારા પેલા પ્રેમી રત્નની શી ગત થશે ? તે બીચારી નાજુક સુંદરી મ્હારા વગર શું કરશે ? તેનો મારા ઉપર કેટલો બધો પ્રેમ ? કેવો પવીત્ર પ્રેમ? કેટલો સજ્જડ પ્રેમ? ત્યારે એ પ્રેમ અને સંસારના અનેક દેખાવો મૂકી દઇ હું પોતાનો જીવ કેમ જોખમમાં નાખું ? કેમ જાણ્યું કે અહીંથી આ દેહ છોડી દીધી એટલે આગળ લાડવો મલશે લોકો કહે છે કે "નસીબ બે ડગલા આગળનું આગળ રહે છે" ત્યારે વિના કારણ શામાટે જીવ ગુમાવવો ? જીવ તો ગુમાવવો નહિજ આ પ્રમાણે નીર્ણય કરી તે યુવકે પોતે ઉતારેલી કફની પાછી પહેરી લીધી.

આ વખતે તે બીચારો યુવક ભુખના દુઃખની વીટંબણાથી બ્હાવરો બની ગયો હતો અઠ્ઠરામાં પુરૂ આગલે દીવસે બપોરે દીલગીરીના સબબે બરાબર જમાયેલું ન હોવાથી પેટ તદન ચોંટી ગયું હતું તે યુવકને એકતો ભુખના દુઃખે અને બીજું મંગળાના પ્રેમે ગાંડા જેવો બનાવી દીધેલો હોવાથી તે યુવક પ્રેમને તીરસ્કાર આપી બડબડવા લાગ્યો—

અહો પ્રેમ ! મનુષ્યને ઘાયલ કરનાર પ્રેમ, ! જીવતાંને ચીંતા રૂપી ચીતામાં બાળી મુકનાર પ્રેમ) માણસને દુનીયામાંથી ઉખેડી

નાખનાર પ્રેમ! તું કોણ છે! માનવી છે! દેવ છે કે રાક્ષસ છે! ઓ દુષ્ટ પ્રેમ તને શું કહું! તુંજ મારી વહાલીનો વીયોગ કરાવનાર? તુંજ મારા પ્રેમી રત્નને લુંટનાર? તુંજ મારૂં વતન તજાવનાર? તુંજ મને ભુખના દુઃખથી રીબાવનાર અને આ સ્થીતિમાં મને લાવી મુકનાર પણ તુંજ છે.

આવાને આવાં વીચારમાં ગોથા ખાતો તે યુવક ઉભો છે, તેવામાં એકાએક ચક્કર આવવાથી જમીન ઉપર બેભાન થઇને પડયો, અને શરીર સ્હેજ છોલાયું

અહો! પણ ઇશ્વરની લીલા અગમ્ય છે, તેનો પાર કોણ પામી શકે એમ છે. અનાથનું રક્ષણ કરનારો તે સર્વવ્યાપક છે, અને છેજ.

વહાલા વાંચક! આ યુવકને ઓળખી તો શકયો હશેજ. અને જો ન ઓળખ્યો હોય તો હવે ઓળખ કે તે આપણી નવલ કથાનો પરિચીત નાયક મનહરરાય પોતેજ હતો.

આ સઘળી બીના બનતી હતી, તે જગાથી થોડેક દુર એક વહાણ ઉભેલું હતું તે વહાણનો નાવિક આ બધી હકીકત એકી નજરે જોતો હતો, એ વહાણનો નાવિક ભક્ત હતો, અને ઇશ્વર ઉપર ભાવ સારો રાખતો હતો, અને સાધુ સંતને માનની નજરે જોવા વાળો હોવાથી તેને દયા આવી. અને વિચાર કરવા લાગ્યો કે આ કોઇ ગ્રહસ્થ પુરૂષ દેખાય છે. અને કોઇ આંતરીક દુઃખને લીધે સાધુ થએલો છે, તેમજ ભુખ લાગવાથી બેભાન થએલો છે. માટે લાવ, હું તને ઉપાડી લાવી સાવધ કરૂં. પરંતુ કર્મસંજોગે મારૂ વહાણ પણ ઉપડવાનો સમય થયો છે. પણ કાંઇ નહીં હાલ તો તેને ઉપાડી લાવી વહાણમાં સુવાડું અને પાછળથી રસ્તામાં સાવધ કરી કાંઇક ખવડાવું અને પછી તેની હકીકત જાણી વ્યાજબી રસ્તો બતાવીશ.

આમ વિચાર કરીને તે નાવીક પોતાના વહાણુથી થોડેક છેટે પડેલા મનહરરાયને ઉપાડી લાવી પોતાના વહાણુમાં સુવાડયો અને તરતજ વહાણુ પુર્વ તરફ હંકાર્યું.

પ્રકરણ ૫ મું,

ચંડાળ ચોકડીનું પકડાવું.

પિતા શું કરોછો અરે આ જુલમ.
નથી માતને બા મારી રહમ.
દુઃખો કેમ એવા સહન હું કરૂં
નથી કાંઇ રસ્તો હવે શું કરૂં.

ડા૦ એ૦ તા૦

રાત અંધારી હતી, મધ્યરાતનો વખત હતો, તે વખતે એક કંગાળ મકાનના બારીબારણા બંધ હતા પરંતુ બારીનો એક કાચ ભાંગેલો હોવાથી અંદરથી કોઇની વાતચીત કરનારના સાદ સંભળાતા હતાં રાતના બારેક વાગ્યાનો અમલ હોવાથી રસ્તા ઉપર સઘળું ચુપચાપ હતું તે છતાં પેલી ગરબડ સાંભળનારૂં એક છુપુ માણુસ પેલી કાચ ભાંગેલી બારીમાંથી ટીંગાઇને જોઇ રહ્યું હતું પરંતુ પેલા વાતચીત કરનારની બલાગાતને પણ ખબર નહોતી કે તેમને કોઇ ધારી ધારીને જોઇ રહ્યું હતું પેલો છુપો માણુસ કે જે પેલી બારી પાસે ઉભો ઉભો સઘળું જોતો તથા સાંભળતો હતો તેણે પગથી માથા સુધી કાળો પોશાક પેહેરી ઉપર કાળા રંગનો ઝબ્બો ઓઢવાથી રાત્રીના અંધકારમાં મળી ગયો હતો માથા ઉપર કોઇ અજબ બનાવટની ટોપી પહેરી કાળા રૂમાલની બુકાની બાંધવાથી ફકત તેની ચળકતી આંખો પ્રકાશી રહી હતી.

પ્રિય વાંચક તે વાતચીત કેટલાક વખતથી ચાલુ હોવાથી પહેલાં તે કાંઇ સમજી શકયો નહી, પરંતુ પાછળથી તેને કાને નીચેના શબ્દો પડયા.

બે શરમ નષ્ટ છોકરી, એકદમ ચુપ થા. પાપનું મુળ તો તું પોતેજ છે. તારી ગોરી ચામડી ઉપર જો તે લોભાયો ન હોત તો અમો આજે કેવા સુખમાં દિવસ કાઢતા હોત.

પુરૂષ—મંગળા આ વખત હું તારો છેલ્લો જવાબ લેવા માગું છું. તું બધી રીતે ડાહી અને ડહાપણ વાળી છે તો તારી એ ગમે એવી ગંભીર ભુલ થઇ છે, તે હું માફ કરીશ, પણ તું એ મનહર ઉપરથી હાથ ઉઠાવ. યાદ રાખજે કે એ મનહરને પરણીને તું કદી પણ સુખી થવાની નથી. હું કંઇ તારો દુશ્મન નથી કે, તને ખોટે રસ્તે દોરવું. અત્યારે જો તું મારૂં કહેલું નહીં માનશે તો યાદ રાખજે કે તેમાં એકએકનાં જાનનું જોખમ થશે.

મંગળા—હે પિતાજી, જરા શરમ પકડો! અને ઓ! બદદયાન તી માતા પાપનું મુળ હું નહી પણ તું પોતે છે. તે મને નિરદોષને ફસાવી છે, અને જીવતાજીવત મારી ગરદનપર છરી મારી છે. મારા લગ્ન સમારંભમાંથી મને બેભાન કરી ઉપાડી મંગાવનાર પણ તું પોતેજ છે. પણ યાદ રાખજે કે અતે ચોરને પોટલે ધુળની ધુળજ રહે છે. તેંજ મારા માયાળુ પીતાને ભંભેરીને આ કાવત્રામાં સામેલ કીધા છે. પરંતુ એટલું ચોકસ જાણજે કે, તારા કીધેલા કર્મનો બદલો તને અહીંયાજ મળશે. તેંજ મારૂં સદાનું નખ્ખોદ વાળ્યું છે. તમે બન્ને મળી અત્યારે મારૂં ખુન કરશો તોપણ હું બીજા વેરે લગ્ન કરવા કબુલ થઇશ નહીં.

આ સાંભળી પેલી બાઇ એકદમ ઉશ્કેરાઇ ગઇ, અને મંગળા ઉપર ધસી જઇ તેને ગરદનમાંથી પકડીને કહેવા લાગી બોલ કબુલ થાય છે કે નહીં, આ સાંભળી મંગળા એકદમ રડી પડી. અને કરગરી કહેવા લાગી હે પુજ્ય પિતાજી હજું પણ મને એક દિવસ વિચાર કરવાની મુદત આપો. હું કાલે રાત્રે તમોને જવાબ આપીશ.

પ્રિય વાંચક વૃંદ ! ઉપર વાતચીત કરનાર માણસોને તમે ઓળખ્યાં તો હશેજ કે તે દેવિદાસ અને રૂપાળી હતાં. આ બધી વાતચિત સાંભળી ડીટેકટીવે બીજે દિવસે પોલીસ કોર્ટ ખુલતાં પોલીસની મદદ લઇ તે લોકોને પકડવાનો વિચાર કીધો, અને ત્યાંથી પોતાને સ્થાનકે ગયો.

પ્રકરણ ૬ ઠું,

પત્નિ મેળાપ.

મારાં વહાલા વાંચક બન્ધુ ચોથા પ્રકરણમાં વાંચ્યા પ્રમાણે પેલા નાવીકે મનહરરાયને વહાણમાં સુવાડી પોતાનું વહાણ આગળ હંકાર્યું,, થોડીક ગયું એટલે મનહરરાય સાવધ થયો અને આંખ ઉઘાડી જુવે છે તો પોતે નદી વચ્ચે એક વહાણમાં સુતેલો માલમ પડયો. તેવુંજ ગભરાઇને પેલાનાખાવીકને પુછ્યું.

મનહરરાય—ભાઇ મને આ વહાણમાં કોણ લાવ્યું અને ક્યાં લઇ જાઓ છો ?

નાવીક—મહારાજ તમો બે દીવસના ભુખ્યા છો, માટે મારી પાસે જે કાંઇ ફળફળાદી છે, તેમાંથી થોડુંક ખાઓ પછી હું તમોને બધી હકીકત કહીશ.

આટલી વાતચીત થઇ પછી મનહરરાયે જમરૂખ તથા કેળાં વીગેરે જે કાંઇ ફળફળાદી નાવીક પાસે હતું, તેમાંથી થોડુંક ખાઇ પાણી પી નીરાંતે વાતચીત કરતાં બેઠાં તે વખતે નાવીકે નજરે જોએલી સર્વે હકીકત કહી, અને મનહરરાયે પણ પોતા ઉપર વીતેલી આફત સવિસ્તર કહી સંભળાવી તે વખતે સમય સંધ્યાકાળનો થવા આવ્યો હતો, અને નદીમાં ભરતી આવવાની તૈયારી હોવાથી ધીમે ધીમે પાણી ચઢવા માંડયું અને વધતાં વધતાં પાણીનો જોસ એટલે સુધી વધ્યો કે પાણી વહાણમાં ભરાયું અને વહાણ આમતેમ

ડોલા ખાવા લાગ્યું તે વખતે મનહરરાય એકદમ ગભરાટમાં પડી જઈ બચાવનો રસ્તો શોધતો હતો તેવામાં એકાએક વહાણુનો આંચકો લાગતાં મનહરરાય નદીમાં ગબડી પડ્યો અને પવન પુર ત રફનો હોવાથી તે તરફ તણાતો ચાલ્યો. મનહરરાય ભરતીના ઓટમાં તણાતો ચાલ્યો જાય છે. એવામાં દુરથી એક લાકડું પોતાની તરફ તણાતું આવતું દીઠું એટલે કંઇક બચવાની આશા ઉત્પન્ન થઇ, અને તે લાકડું પાસે આવતા મનહરરાય ને લાકડું પકડી ઉપર ચઢી બેઠો. આખી રાત્રી આ પ્રમાણે દુઃખમાં વ્યતિત કરી બીજે દીવસે પ્રાતઃકાળે કીનારો નજરે પડ્યો એટલે મનહરરાયે હાથેથી હલેસાં મારી કીનારા તરફ જવા માંડ્યું. કીનારા પર જઇ જુવે છે તો કેટલાક લોકોને પિતૃ શ્રાદ્ધ કરતા જોયા, અને તપાસ કરતાં માલમ પડ્યું કે ચાંદોદ કર્નાલીને કિનારે ઉભેલો હતો. શ્રાદ્ધ કરવા બેઠેલા લોકોમાંથી પોતે એક માણસ તેને ધારી ધારીને જોતાં વિચારવા લાગ્યો કે, સુરતથી શા૦ ગોરધનદાસ સામળદાસનો કાગળ છે કે અહીંથી મનહરરાય ગુમ થયા છે, તો આ માણસ કે જેણે યોગીનો વેષ લીધેલો છે, તે મનહર પોતે તો ન હોય! આમ કેટલોક વિચાર કરી નિર્ણય કીધો કે, લાવ, બુમ પાડી જોઉં જો તે હશે તો તરત મને ઓળખશે. આમ વિચાર કરી બુમ પાડી. અજાણ્યા પ્રદેશમાં પોતાના નામની બુમ સાંભળી મનહરરાયે આમ તેમ જોવા માંડ્યું કે તરતજ પોતાની નજર મીલ મેનેજર ઉપર પડી. પરસ્પર બન્નેની નજર એક થતાં મીલ મેનેજરે મનહરરાયને પોતા પાસે બેસાડ્યો, અને શ્રાદ્ધ કરી રહ્યા પછી ઉતારાપર જઇ ભોજન કરી ટ્રેન ઉપર જઇ અમદાવાદની ટીકીટ લઈ ઉપડી ગયા અમદાવાદમાં ગયા પછી મનહરરાય વેશ બદલી પોતાના મિત્રની મોટરમાં દરરોજ સાંજ સવાર ફરવા જવા લાગ્યો.

જે રાત્રે મંગળાએ પોતાના પીતાને બીજે દીવશે જવાબ દેવાનો વાયદો કીધો તે દીવસ સહવારે પોતે એક બારીમાં ઉભી ઉભી વિચાર કરે છે કે, હવે શું કરવું. જો હું બીજા વેરે લગ્ન કરવા તૈયાર થાઉ છું તો મારી આખી જીંદગી દુઃખમાં ગાળવી પડે છે, અને પ્રીત વિનાનું પરણવું તે જીવતા સ્વામીએ રંડાવા બરોબર છે, અને તે પણ વૃદ્ધ પતીની સાથે લગ્ન કરવા તે જીવતા જીવત નર્કમાં પડવા બરાબર છે, માટે જો હું આજે જીવતી રહીશ તો રાત્રે પાછો મારા ઉપર જુલમ ગુજારશે માટે ચાલ જીવ અહીંથી પડી પ્રાણ કાઢી નાખું કે, દેખવું નહિ ને દાઝવું નહિ, આ વિચાર કરી ઇશ્વર પ્રાર્થના કરવા લાગી.

હે પરમ કૃપાળુ પ્રભુ ! જો હું સુદ્ધ ભાવથી વર્તી હોઉ અને મેં ખરૂં પતીવ્રત બરોબર સાચવ્યું હોય તો આવતા જન્મમાં મને એજ પતી મળજો આમ કહી બારીએથી ઝંપલાઇ પડી.

અનાથનો નાથ અધમઓધારણનો ધારણ ભરત ભીડ ભજંન પ્રભુ કોઇની સ્થીતિ સદા કાળ એકની એક રાખતોજ નથી.

જેવું મંગળાએ બારીમાંથી ઝંપલાવ્યું તેજ વખતે દુરથી એક મોટર ચાલી આવતી હતી. અને તેમાં બે માણસ બેઠેલા હતા, તેમાથી એક યુવક કે. જે આગળ મોટર ચલાવતો હતો તેણે જોયું અને વિચાર કરવા લાગ્યો કે કોઇ દુઃખી અબળા આપઘાત કરે છે, માટે તેને બચાવું આમ વિચાર કરી પોતાની મોટર એકદમ જોરમાં ચલાવી પેલી દુઃખી અબળા નીચે પડે ત્યાર પહેલાં ત્યાં પહોંચી જઇને પોતાના બે હાથ પહોળા કરી જેવી તે યુવતી નીચે પડી કે, તરતજ જેમ કોઇ એક રબરની દડી જીલી લે તેમ પેલા યુવકે એવી રીતે અધર જીલી લીધી કે, મોંથી મોં અને છાતીથી છાતી મળી ગઇ તેજ વખતે પેલા યુવકને માલમ પડ્યું કે, આતે પોતે જેણે માટે ભટકે છે તે મંગળાગવરીજ છે, આથી પ્રેમી દંપતી એક બીજાને ચુંબન કરતાં ચાલ્યા એવામાં તે યુવકે મોટર જોસમાં

દોડાવી અને સીધા સ્ટેશન ઉપર જઇ જે ટ્રેન પહેલી ઉપડતી હતી તેમાંજ સુરતની ટીકીટ લઇ ચડી બેઠા.

પ્રકરણ ૭ મું.

છેવટનો આનંદ.

પ્રીય વાંચક વર્ગ ગયા પ્રકરણમાં વાંચી ગયા પ્રમાણે મંગળા ગવરીએ બારીએથી કુદકો માર્યો પછી એ વાત આખા શહેરમાં પવન રૂપે ફેલાઇ ગઇ અને ફતેહસીંગ રામસીંગ ડીટેકટીવને ખબર પડતાં તુરતજ પોલીસની મદદ લઇ રૂપાળી તથા દેવીદાસને પકડયા અને પહેરેજ કરી સુરત લઇ ગયો. પણ પાછળથી રૂપાળી તથા દેવીદાસે મનહરરાય સાથે લગ્ન કરવાની કબુલાત આપ્યાની ગોરધનદાસે કલેકટર સાહેબને ભલામણ કરી તેમને છોડવ્યા અને કેસ માંડી વળાવ્યો. ને પોતાની સામેના એક ખાલી મકાનમાં તેમને રાખ્યા.

ઉપર જણાવેલાં બે મકાન બરાબર સામસામે હતા અને તે બેની વચ્ચે એક મોટો મંડપ રચી દીધો હતો ને એ મંડપ, હાંડી, ઝુમ્મરો, આરસા, ખુરસીઓ, સોફાઓ, અને બીજા સુસોભીત ફુલોના કુંડાં વીગેરેથી સણગારવામાં આવ્યો હતો, એ મંડપની સોભા ઘણીજ સુસોભીત હતી જેથી કોઇ પણ માણસની નજરે પડતા તરતજ માલમ પડતું હતું કે તે જગ્યાએ કાંઇ પણ લગ્ન પ્રસંગ હોવોજ જોઇએ. આ પ્રસંગે ગોરધનદાસ મોટી ધામધુમથી મનહરરાયના લગ્ન કરી પાંચ સાત ફરતા ફરતી જમણો કરી અને ન્યાતમાં લહાણાં કર્યા. મનહરરાયે પણ પોતાના સર્વે મીત્રોને મીજબાની આપી અને ઘટીટ ઇનામો આપી ખુશ કર્યા.

મનહરરાયને લગ્ન કર્યાને વરસ એક થયું ને મંગળાને ... આવ્યું મંગળાગવરીએ એક પુત્ર રતનને જન્મ આપ્યો. અને તે સુભાગી સ્ત્રી પુરૂપ આનંદમાં દીવસ વીસરજન કરવા લાગ્યા.

ભાગ બીજો સમાપ્ત.

સુજ્ઞ વાંચક બંધુઓ,

જત હમારા મીત્ર નાનાલાલ ચુનીલાલ તરફથી " મંગળાબાને કામાતુર થએલો સુરતનો વતની " નો ભાગ બીજો બહાર પડેલો અને તે ખલાસ થએથી લોકો તરફથી માગણી ચાલુ રહેલી અને બાદ નાનાલાલને જે ચોપડી એક વખત બહાર પડેલી તે ફરી નહી છપાવવાનો નીયમ હોવાથી મારી તરફથી છપાવી આપના વાંચક બંધુઓની ઇચ્છા પુર્ણ કરી છે ને હવે રજા ચાહું છું વળી પ્રભુ કૃપા હશે તો આપ વાંચક બંધુ સમક્ષ બીજે રૂપે હાજર થઇશજ.

લી૦ સેવક
નાથુભાઇ પરભુદાસ.

આજ્ઞાંકીત